
Published from : B/5, Swastik Apt.
Narayannagar, Paldi, Ahmedabad - 380 007

Published on 10th of every month
Yearly Subscription Rs. 50/-

# હરિભાવ

Year : 24 - Issue : 10

September, 2020



અવતરણ :
તા. : ૪-૯-૧૮૯૮

દેહત્યાગ :
તા. : ૨૩-૭-૧૯૭૬

(અનુષ્ટુપ)

છે તારી ભાત જ જુદી જન સર્વથી કો,
છે હેતુ કૈંક તુજ જન્મ વિશે પ્રભુનો.

❖ ❖ ❖ ❖

જીવો અસંખ્ય જગમાં જીવીને મરે છે,
કીડા જ કાદવતણા સમ સૌ રહે તે,
તે પંકમાં કમળ કોઈક દી ઊગે છે,
તું શોભશે અવર સર્વથી તેવી રીતે.

- શ્રીમોટા

'નર્મદાપદે', આવૃત્તિ પાંચમી, પૃ. ૪૬



(ગઝલ)

**સમર્થ જે કશો નહોતો તણખલું પણ ઊંચકવાને**
**-હવે તેને બનાવ્યો છે, સમર્થોમાં શિરોમણિ *તેં*,**
**ભલે *આ જીવ*ને કોઈ જગે તે રીત ના પરખે,**
***હરિ*પદ કિંતુ સંપૂર્ણ ઢળેલો, શ્રેષ્ઠ 'મોટો' તે.**

**- શ્રીમોટા**

*'જીવન સ્મરણ સાધના', પ્ર. આ., પૃ. ૨૨૬*

પ્રકાશન સ્થળ :
બી/૫, સ્વસ્તિક ઍપાર્ટમેન્ટ,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭

‘હરિવાણી ટ્રસ્ટ’ દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર

# હરિભાવ

સંપાદક : પ્રભુદાસ જાની
સહાયક : વિવેક દેસાઈ

વર્ષ : ૨૪ અંક : ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૦

## અનુક્રમ

### પૂજ્ય શ્રીમોટા દ્વારા અપાયેલ સ્મરણાંજલિઓ

૧. શ્રીપ્રભુપાદપદ્મે ...... શ્રીસદ્‌ગુરુ ૪
૨. પરમ પ્રિય સખા : શ્રી લલિતચંદ્ર દલાલ સાહેબને તથા ડૉ. શ્રીમતી મીનાક્ષીબહેન દલાલને ...... જીવનસંદેશ ૬
૩. અ. સૌ. કુસુમબહેનને તથા શ્રી મણિભાઈ શાહને ...... જીવનપાથેય ૭
૪. શ્રી ચીમનલાલ દ્વારકાદાસ શાહને ...... જીવનઅનુભવગીત ૮
૫. શ્રી ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલને ...... જીવનલહરિ ૯
૬. શ્રી પી.એન. ભગવતી સાહેબને તથા અ.સૌ. પ્રભાવતીબહેનને ...... જીવનઝલક ૧૦
૭. સ્નેહીશ્રી ચંદ્રકાંત રતિલાલ મહેતાને ...... જીવનસ્મરણ ૧૧
૮. શ્રી ભાસ્કરભાઈ ડાહ્યાભાઈ પટેલને ...... જીવનપગલે ૧૨
૯. પ્રિયભાઈ શશિકાંતભાઈ રાવજીભાઈ પટેલને ...... ભાવ ૧૩
૧૦. શ્રી ચૂનીભાઈ ફુલાભાઈ પટેલ (ભાદરણ) તથા શ્રી મણિભાઈ ફુલાભાઈ પટેલને ...... જીવનરસાયણ ૧૪
૧૧. શ્રીમતી પુષ્પાબહેન તથા પ્રિય ભાઈ જયરામભાઈ દેસાઈને .. જીવનતપ ૧૫
૧૨. પ્રિય ભાઈશ્રી રાવજીભાઈ આશાભાઈ પટેલ (ડભાણ)ને ..... નર્મદાપદે ૧૬
૧૩. શ્રી ધનસુખભાઈ ઘડિયાળી તથા શ્રી પુષ્પાબહેનને ...... જીવનચણતર ૧૭
૧૪. શ્રી કાંતિલાલ જગજીવનદાસ પટેલ (બાવળા)ને તથા શ્રીમતી સવિતાબહેનને ...... જીવનપરાગ ૧૮
૧૫. ડૉ. રાવજીભાઈ છોટાભાઈ પટેલને ચરણકમળે ...... કર્મ ઉપાસના ૧૯
૧૬. નાગજીભાઈ રામદાસ પટેલ (વડોદરા)ને ...... ભાવકણિકા ૨૦
૧૭. શ્રી જે. પી. શાહને ચરણકમળે ...... સ્વાર્થ ૨૧
૧૮. શ્રી નટવરલાલ માણેકલાલ ચિનાઈને ...... જીવનસોપાન ૨૨
૧૯. શ્રી પી. ટી. પટેલ (કુંજરાવ)ને ...... આર્તપોકાર ૨૩
૨૦. ગયેલા આત્માને : શ્રીબાબુ સરકાર ...... સંપાદક ૨૪

**જ્ઞાનદાન / સહયોગ**

**કુમારી ચિ. ક્રિષ્ના કુમારના ૧૭મા જન્મદિન (૨૦-૯) નિમિત્તે તેના જીવનપથ ઉપર શ્રીહરિની કૃપા વરસતી રહે અને તેનામાં સદ્‌ગુણોની સતત વૃદ્ધિ થતી રહે તેમ જ અંતઃશત્રુઓ ઉપર એ વિજય પ્રાપ્ત કરતી રહે તેવી શુભકામનાઓ-શુભેચ્છાઓ આભારસહ પાઠવીએ છીએ.**

**- સંપાદક**

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રી સુરેશ વૉરા
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**સરનામાના ફેરફાર અંગે, ‘હરિભાવ’ ન મળવા અંગે તથા પૂછપરછ માટે સંપર્ક : શ્રી સુરેશ વૉરા**
Mo. / SMS / Whatsapp - **9427554391**

**વાર્ષિક લવાજમ**
ભારતમાં રૂ. ૫૦/-
પરદેશ રૂ. ૬૦૦/- (ઍરમેઈલથી)
એકથી દસ વર્ષ સુધીનાં લવાજમ સ્વીકારાય છે.

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
‘હરિવાણી ટ્રસ્ટ’, C/o. ૧૧, દાદા રોકડનાથ સોસાયટી, નારાયણનગર, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી ‘હરિવાણી ટ્રસ્ટ’ ના નામે લખવો

**ઈ-બૅંકિંગ : ખાતાનું નામ : ‘હરિવાણી ટ્રસ્ટ’**
યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭
બચત ખાતા નં.: **૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
IFS Code : UCBA0001687
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી.
Email : hariwanitrust@gmail.com

**હરિઃૐ આશ્રમ, સુરતની વેબસાઈટ**
**www.hariommota.org** ઉપર
**‘હરિભાવ’ ઉપલબ્ધ હોય છે.**
**ફોન : (૦૨૬૧)૨૭૬૫૫૬૪,**
**મોબાઈલ : ૯૭૨૭૭૩૩૪૦૦**

* Subject to Ahmedabad Jurisdiction

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, મો.: ૯૩૨૭૦૩૬૪૧૪**

## સમર્પણાંજલિ

### (૧) શ્રીપ્રભુપાદપદ્મે

શ્રીસદ્‌ગુરુ

(અનુષ્ટુપ)

**હરિ** વ્હાલો મને કેવો તે કહું હું કઈ રીતે ?
ઠાઠવેઠ બધી મારી **હરિ** શો કરતો જ છે !
બધી સંભાળ મારી **હરિ** શો લેતો સદા રહે !
જોઈતું કરતું જે જે **હરિ** આપ્યા કરે મને. ૧-૨

**હરિ**ને હું બધી વાત મારી જણાવતો રહું,
**હરિ**થી છાનું ના રાખું, સાચો સગો **હરિ** જ શું !
**હરિ** વિના બીજો કોઈ મારો બેલી નથી જગે,
**હરિ**ને અળગો સ્હેજે દિલથી ના કરું કશે. ૩-૪

મારો આધાર તો માત્ર **હરિ** શો એકલો જ છે !
**હરિ** વિના ન મારાથી શક્ય છે જીવવું જ તે,
જેમાં તેમાં **હરિ**ને હું આપ્યા મહત્ત્વ શો કરું !
**હરિ**નો આશરો લૈને **હરિ**નાં કામ હું કરું. ૫-૬

બધું જોતો રહે શો જે તે મારું **હરિ** જ તે !
એકલો **હરિ** તો માત્ર શો રખેવાળ મુજ છે !
**હરિ**નું જે બતાવેલું પ્રેમથી સર્વ તે કરું,
આજ્ઞા **હરિ**ની ઉલ્લંઘી હું કદી પણ ના શકું. ૭-૮

**હરિ** મને નચાવે છે, કેવી કેવી રીતે જગે,
**હરિ** કહે તેમ વર્તું છું, આજ્ઞામાં તેની હું ખરે.
પૂછ્યા વિના **હરિ**ને કૈં મારાથી કશું થાય ના,
જેમાં સંમતિ પૂરી છે, **હરિ**ની તે જ થાય ત્યાં. ૯-૧૦

ભૂલેચૂકે જરાયે કૈં **હરિ**ને ના ભુલાય છે,
**હરિ** કેવો વસેલો છે, ઊંડે ઊંડે શું અંતરે !
થતું **હરિ**કૃપાથી સૌ થાય તે ચરણે ધરું,
પાસે કશું ન રાખું છું, **હરિ**ને સોંપીને જીવું. ૧૧-૧૨

**હરિ**ની દિલ ભક્તિ છે, સેવા **હરિ**ની ભાવથી
-થવા ઉમળકો કેવો છે ઊછળેલ દિલથી !
સંતોષ **હરિ**ને થાય, રાજી જેથી **હરિ** થતો,
એવાં સૌ કર્મનાં પુષ્પો **હરિ**પદે ચઢાવતો. ૧૩-૧૪

ઘડ્યો સદ્‌ગુરુએ ભાવે કેવો ! બનાવિયો મને
-મૂળના રૂપથી સાવ શો પલટાવિયો હૃદે.
**હરિ** સર્વસ્વ મારું છે, **હરિ**ને અર્પવા સમું
-મારી કને કશું ના છે કે જે **એને** ધરી શકું.
સ્ફુરાવેલું કૃપાથી જે, પ્રેરાયેલું કૃપાથી જે
-લખાયેલું, ધરું છું **આ** સમર્પણાંજલિ પદે. ૧૫-૧૬-૧૭

હરિઃૐ આશ્રમ, સુરત, - **મોટા**
તા. ૧૭-૨-૧૯૭૩
'શ્રીસદ્‌ગુરુ', પ્ર.આ.

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન/ભેટ

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | એક સ્વજન : જ્ઞાનદાન સપ્ટેમ્બર ૨૦૨૦ | અમદાવાદ | ૧૧,૧૧૧/- |
| ૨. | નરેન્દ્રભાઈ પટેલ<br>ધર્મપત્ની હેમલતાબહેનના જન્મદિન (સપ્ટે.) નિમિત્તે ભેટ | યુ.એસ.એ. | ૮,૦૦૦/- |
| ૩. | હેમલતાબહેન નરેન્દ્રભાઈ પટેલ : જન્મદિન નિમિત્તે ભેટ | યુ.એસ.એ. | ૭,૦૦૦/- |
| ૪. | નટવરલાલ બી. કંસારા : ૮૬મા જન્મદિને | અમદાવાદ | ૫,૦૦૧/- |
| ૫. | એક સ્વજન : સદ્‌ગત માતૃશ્રીની પ્રથમ પુણ્યતિથિ | અમદાવાદ | ૨,૫૦૦/- |
| ૬. | એક સ્વજન | ભરૂચ | ૨,૦૦૦/- |
| ૭. | સુરેશ સી. પટેલ | સૈજપુર | ૧,૧૦૦/- |
| ૮. | રાજેન્દ્ર રામકૃષ્ણ શુક્લ : જન્મદિન (૨૩-૯) નિમિત્તે ભેટ | વડોદરા | ૧,૦૦૦/- |
| ૯. | ગુણવંતભાઈ ભુંગરીયા | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૦. | નિરંજનભાઈ એમ. શુક્લ : પુત્ર ચિ. જીગરના જન્મદિન (૨૮/૮) | અમદાવાદ | ૫૦૧/- |
| ૧૧. | હિતેષભાઈ જી. પરમાર<br>ધર્મપત્ની મીનાબહેનના જન્મદિન(૮/૮) નિમિત્તે ભેટ | સાયન | ૫૦૦/- |
| ૧૨. | હેતલબહેન જયંતીભાઈ જાની : જન્મદિન (૨૯/૮) | અમદાવાદ | ૧૦૧/- |

**નોંધ : અન્ય દાન-ભેટની વિગત આવતા અંકમાં**

**(ઉપરોક્ત સર્વે દાતાઓના અમો ખૂબ ખૂબ આભારી છીએ.)** **-સંપાદક**

(૨)

॥ હરિઃૐ ॥

## પરમ પ્રિય સખા :
## શ્રી લલિતચંદ્ર દલાલ સાહેબને
## તથા
## ડૉ. શ્રીમતી મીનાક્ષીબહેન દલાલને
## ભાવાંજલિ

(અનુષ્ટુપ)

પ્રિય સખે ! હૃદે વ્હાલાં મને શા દિલ ભાવથી !
શો વારંવાર આશ્લેષ હૈયામાં હું કરું ચહી. ૧

પ્રભુએ ભેટ દીધેલાં મને કેવાં મળ્યાં તમે !
સંસ્કૃતિ ભાવનાકેરાં થયાં દર્શન શાં મને. ૨

સંસ્કાર, ભાવના ગુણ પ્રેરાવી ગુજરાતને,
ગૌરવવંતું **આ** રાષ્ટ્ર થતાં કીર્તિ રળો જગે. ૩

કર્મ કૌશલ્ય ને શક્તિ કાર્યવાહીતણી બધી,
ખીલજો ભાવ સંપૂર્ણ મૌલિક રીતથી સહી. ૪

વ્યવસ્થા, નમ્રતા, સેવા, શી વ્યવસ્થિતિ ! દક્ષતા,
જીવને ભાવ એવાથી તમે શા પાંગર્યાં જતા ! ૫

તમારા દિલનો ભાવ પામી કૃતાર્થ શો થતો !
આવા સંદર્ભમાં જોઉં પ્રભુ કૃપાલીલા હું તો. ૬

ઉચ્ચ જીવનકેરી શી અભિલાષા જ્વલંત હા !
જિજ્ઞાસા અગ્નિ પ્રેરાજો ભાવનાને ભભૂકવા. ૭

કેવો સદ્‌ભાવ હૈયાથી દાખવો સત્‌ પુરુષને !
પ્રત્યક્ષ પ્રેરણા તેવી પામી રાચી નમું હૃદે. ૮

કર્મના હાર્દના ઊંડા મર્મને તે નિહાળવા-
કેવું કેવું મથો હૈયે તે કળાને નમું હૃદે. ૯

કેવા કેવા મને હાથ દીધા **એણે** કૃપા કરી,
નિપેટાવા જ સંકલ્પ લીલા નિહાળી રાચું શી ! ૧૦

દિવ્ય જીવનનો ભાવ જીવને લક્ષ્ય પ્રેરવી,
જીવને ભાવ આનંદ પ્રેરાજો, પ્રાર્થું દિલથી. ૧૧

ખીલજો ખીલજો ભાવ પ્રભુનો તમ જીવને,
કરીને પ્રાર્થના એવી ભાવે સમર્પું **આ** પદે. ૧૨

લોનાવાલા, તા. ૬-૫-૧૯૬૯ **—મોટા**
'જીવનસંદેશ', બી.આ.

---

(૩)

॥ હરિઃૐ ॥

**અર્પણ**

**અ.સૌ. કુસુમબહેનને**

**તથા**

**શ્રી મણિભાઈ શાહને**

**સપ્રેમ**

(અનુષ્ટુપ)

કેવા કેવા મળ્યા મિત્રો વર્ણવું શું પ્રભુલીલા !
હજારો હાથ એવાથી પ્રાપ્ત કર્મ ફળાવવા. ૧

સંતોષ આપીને કેવા કર્યા પ્રસન્ન કર્મથી,
વિરોધ સૌ શમાવ્યા ને મિષ્ટ શા મધુથી થઈ. ૨

પ્રતિષ્ઠાપદની કેવી આકાંક્ષા જીવને ફળી !
કેવી કુનેહની શક્તિ મુશ્કેલી વિઘ્નમાં ખીલી ! ૩

પ્રતિસ્પર્ધી ભલેને હા તેની ના ગણના ધરી,
વરી ફતેહ સિદ્ધિને જીવને પ્રાપ્ત શી કરી ! ૪

અશક્ય કાંઈ જે લાગ્યું શક્ય શા કરવા મથ્યા !
કૌશલ્ય, ખંત, ઉત્સાહ, કેવાં સાહસ ઉદ્યમ !-
-જીવને દાખવી પૂરાં પામ્યા છો જીવને ફળ. ૫

આકર્ષાયો તમારાથી પ્રતિભા એવી ભાળીને,
સિદ્ધ હેતુ થવા ભાવે સમર્પું **આ** હું પાદપે. ૬

મુંબઈ, તા. ૧૫-૭-૧૯૬૯ **- મોટા**
'જીવનપાથેય', પ્ર.આ.

(૪)

॥ હરિઃૐ ॥

## સપ્રેમ ભાવાંજલિ

## શ્રી ચીમનલાલ દ્વારકાદાસ શાહને

(અનુષ્ટુપ)

કેવા સંબંધ તેં બાંધી આપ્યા છે જીવને મને,
તે ઉપયોગમાં આવ્યા કેવાયે ખપમાં ખરા ! ૧
બાંય પકડીને મારી કેવી ઓથ દીધી મને !
જાણે આકાશમાંથી શી વર્ષાને વરસાવી છે ! ૨
હિંમત, ખંત, કુનેહ, સાહસ, ધૈર્ય, ઉદ્યમ,
એવા અંકિત ગુણોથી કેવું રંગીન જીવન ! ૩
કેવી મુશ્કેલીમાંયે શા સ્વસ્થતા ધારીને હૃદે,
ગભરાયા વિના ગૂંચ મથ્યા ઉકેલવા પથે ! ૪
નીચેથી છેક શા ઊંચે પ્રયત્ને નિજ આવિયા !
દક્ષતા વ્યવહારેયે કરી છે કેવી વાપર્યા ! ૫
સત્કાર્યમાં મને કેવી આપમેળે જ પ્રેમથી,
અણધારેલી શી મોટી પ્રેરી મદદ આપથી ! ૬
ભાવ મારી પરે કેવો દાખવીને ખરેખરો,
પ્રભુપ્રીત્યર્થના યજ્ઞે આહુતિ કેવી આપી છે ! ૭
દોષ ને ગુણ બન્નેયે પ્રત્યેક માનવી વિશે,
કિંતુ ગુણાનુરાગી થૈ નવાજ્યા દિલ તેમને ! ૮
કર્મને બિરદાવીને કર્મયજ્ઞ ફળાવવા,
કેવા ઉમળકાયે તે મને ટેકા રૂપે થયા ! ૯
તમે પ્રેરાવી છે સહાય અણધારી, અકલ્પ્ય જે,
પ્રભુની અણમોલી તે પ્રસાદી ગણું હું હૃદે ! ૧૦
એવા તે પ્રિય બંધુને હૈયાના ભાવથી કરી,
ભેટ નાનકડી અર્પું **આ** ભાવાંજલિ પ્રેમથી ! ૧૧

'જીવનઅનુભવગીત', પ્ર.આ. **— મોટા**

(૫)

॥ હરિઃૐ ॥

## ભાવાંજલિ

## શ્રી ઈશ્વરભાઈ જેઠાભાઈ પટેલને

## અધ્યક્ષ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય

(અનુષ્ટુપ)

મને મળ્યા કૃપાથી શા ! ને આવ્યા ઉપયોગમાં,
સંકલ્પ જે થયા તે આપે પાર ઉતારિયા,
ને કેટકેટલાનેયે આવ્યા શા ખપમાં તમે !
એવો વિસ્તાર ક્યાં ક્યાં છે ! શા ભળો સર્વમાં તમે ! ૧-૨

સંપૂર્ણ સાદગી કેવી પ્રેમગૌરવથી ભરી,
નમ્રતા આપની દેખી ધરું ભાવ હૃદે ચહી. ૩

કેવી કૃતાર્થતા સેવો કર્મે રત તમે રહી !
મળેલાં કર્મમાં પોતે સંપૂર્ણ દક્ષતા ધરી-
-પાર ઉતારવા તેને કૌશલ દાખવો ચહી,
કર્મમાં કાળવિક્ષેપ નકામો સહી લો નહીં. ૪-૫

કર્મ ફળાવવા પૂર્ણ તે તે કર્મની સાથની-
-યોગ્ય વ્યક્તિતણો ખ્યાલ આપને ઊગતો ત્યહીં. ૬

કર્મના સાથની સ્પૃહા આપની નીરખી સદા,
બોધપાઠ મને કેવો શીખવા મળતો તદા ! ૭

મળ્યું જે કર્મ તેનો શો ઉકેલ તુર્ત લાવીને,
-મૂકવા કર્મને ઊંચું, કૌશલ્ય કેવું દાખવો ! ૮

કર્મ ઉકેલવા કેવી હૃદે તત્પરતા વસે,
ને બુદ્ધિગમ્ય નિવેડો શીઘ્ર શા લાવી તે મૂકે ! ૯

કેટ-કેટલું જ્યાં ત્યાંયે કર્મ માટે ફર્યાં કરો !
શરીરશ્રમ ના જાણો, મહત્ત્વ કર્મનું ધરો. ૧૦

આપ અનેક સંસ્થામાં સંકળાયેલ શા ખરા !
આવવા ખપમાં કેવી આપની ઉપયોગિતા ! ૧૧

આપદા કેટલાંઓની ટાળવા કૃતનિશ્ચયી-
-કેવા છો આપ ! શાં એવાં થયાં દર્શન ભાવથી. ૧૨

કેવા નિપુણ સંસારે, કુશળ વ્યવહારમાં,
સર્વ સાથે મળી કર્મ કરવા શી પ્રસન્નતા ! ૧૩

નરી સરળતા મુગ્ધ કરી નાંખે જ એવી શી !
ભળી જવા બીજાનામાં શી વ્યવહારીતા ખરી ! ૧૪

બીજાને સમજી લેવા, તેનું તારતમ્ય દિલથી-
-હૈયાસૂઝ વરેલી છે, કુનેહ આપમાં વળી. ૧૫

એવા હું આપને પ્રેમે '**જીવનલહરિ**' ધરી,
થઉં કૃતાર્થ પાદોમાં આ ભાવાંજલિ, હું સ્તવી. ૧૬

તા. ૧૨-૬-૧૯૭૧, બાવળા - **મોટા**
'જીવનલહરિ', પ્ર.આ.

---

(૬)

## સમર્પણાંજલિ

## શ્રી પી. એન. ભગવતી સાહેબને તથા અ.સૌ. પ્રભાવતીબહેનને

(અનુષ્ટુપ)

સૌમ્ય પ્રસન્નતા મુખે ગૌરવાન્વિત જીવન,
પ્રગલ્ભ વિદ્વત્તાથી શા શોભી રહ્યા પ્રભુ-પદ ! ૧

પદે જીવનના ઉચ્ચ, છતાં શી નમ્રતા છટા !
કેવો જીવનનો ભાવ ધારીને દિલ જીવતા ! ૨

કેવી તટસ્થતા ન્યાયે પાસાં અનેક તોળીને,
બલિષ્ટતા શી નિર્ભીત જેને છે વ્યક્ત જીવને ! ૩

પ્રભુપ્રીત્યર્થના ભાવે કર્મયજ્ઞ હુતાશન-
-જલાવી જીવને કેવું શોભે તેજસ્વી જીવન ! ૪

પ્રિય ભગવતી નામ લાગે વ્હાલું રૂડું હૃદે,
'થજો સાર્થક સંપૂર્ણ તે' એવી પ્રાર્થના પદે. ૫

મળ્યા જીવનમાં **એવા** પ્રભુકૃપાથી શા મને !
સમર્પણાંજલિ ભાવે ધરી કૃતાર્થ થઉં પદે. ૬

'જીવનઝલક', પ્ર.આ. - **મોટા**

(૭)

॥ હરિઃૐ ॥

## સ્નેહી શ્રી ચંદ્રકાંત રતિલાલ મહેતાને
## સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

નીકળ્યા ફૂટી ઓચિંતા, એકાએક ભૂગર્ભથી,
નીતર્યો દિલ-સંબંધ કો' નિમિત્ત પ્રકારથી. ૧.
કૃપાથી પ્રભુપ્રીત્યર્થ માંડેલ કર્મયજ્ઞ છે,
આહુતિ આપવા તેમાં શો આપનોય સાથ છે ! ૨.
હજારો હાથથી કેવી અપાયાં આહુતિ જતી,
યજ્ઞાગ્નિતણી જ્વાળાઓ આહુતિથી ભભૂકતી ! ૩.
શો સહકાર ને સાથ જાણે દેવા જ યજ્ઞમાં
-નિમંત્રેલા પ્રભુએ હો, એ રીતે શા પ્રવેશિયા ! ૪.
શી શી મુશ્કેલીઓમાંથી ઊંચે શા જીવને ચઢ્યા,
કસોટી કારમીકેવી-માંથી પસાર તો થયા ! ૫.
એકલા, અટૂલા તોયે શા ઝંઝાવાતથી પથે
ડગી, ડોલી ગયા ના છો, શું ગાંભીર્ય જીવને ! ૬.
કદીક જ્યાં ગયા હાલી નિરાશા કૈંક વ્યાપ્ત છે,
સહારો ગૂઢ શો જાગે ઓથાર તે ભગાડી દે. ૭.
નિર્ભીત શા રહ્યા પોતે વંટોળિયે ભયંકર
નાંખવા ઉથલાવી શા થયા પ્રયત્ન જીવન ! ૮.
પ્રભુએ જ રખાવ્યા છે દૃઢ, મક્કમ, સ્થિર તે,
શ્રદ્ધા તમારી એનામાં શક્યા ઊગરી તેથી તો. ૯.
હૂંફ, સહાનુભૂતિ ને ઓથ જીવનમાં મળે,
જેનાથી કરી પંથે તે આડોતેડો ન થૈ શકે. ૧૦.
તમારો સાથ એવાનો સાંપડવાથી જીવને,
સત્કર્મ-યજ્ઞમાં સાથ જીવતો શો મળ્યા કરે ! ૧૧.
એવાનો બદલો કેવી રીતે વાળી શકું શું હું ?
'જીવનસ્મરણ' અર્પી થાઉં કૃતાર્થ દીન હું. ૧૨.

'જીવનસ્મરણ', પ્ર.આ. - **મોટા**

(૮)

॥ હરિ:ૐ ॥

## સમર્પણાંજલિ

## શ્રી ભાસ્કરભાઈ ડાહ્યાભાઈ પટેલને

(અનુષ્ટુપ)

નીકળ્યા ફૂટી ઓચિંતા વા-વંટોળની જેમ શા !
વર્ષાવી શી કૃપાવર્ષા તપ્ત ભૂમિ પલાળવા ! ૧

મદદે આવવા કોણે પ્રેરાવ્યા આપને હશે ?
બીડું શું ઝડપેલું છે અણચિંતવ્યું જે ખરે ! ૨

કોઈએ આટલી હામ આજ સુધી કરી નથી,
પાર ઉતારવા કેવી યોજનાઓ કરો ચહી ! ૩

'પ્રભુનો હાથ પ્રત્યક્ષ સ્હાય દેવા દલિતને-
-હોય પ્રેરાયેલો', એવું વર્તાયા શું કરે હૃદે ! ૪

છોડીને કામ ધંધો સૌ પડી પાછળ કર્મની,
કેવી તત્પરતા હૈયે દાખવ્યા કરતા સહી ! ૫

કૈં પરિચય બંધાયો ઝાઝો આપની સાથ ના,
ધાયા સ્હાયે છતાં, એ તો ખાસ કેવી વિશિષ્ટતા ! ૬

તાંતણે પ્રેમને બાંધી સંબંધે સ્નેહીઓ હૃદે,
પ્રેરાવેલા જ રાખ્યા છે કર્મમાં જોડી ભાવથી. ૭

એવા બધાય મિત્રોની રૂડી જે ઓથ છે મળી,
તેમને તેમનો ભાવભીના દિલે નમું લળી. ૮

કેટલો કાળ આપો છો નિર્વ્યાજ ભાવથી કરી,
કશી કાંઈ અપેક્ષા કે આશાએ દિલ ના ધરી. ૯

નીતર્યા ભાવથી કેવા કર્મમાં વળગેલ છો ?
બૂઝી કદર એવાની શી રીતે શકું દિલ હું ? ૧૦

તમારા દિલના એવા ભાવની તોલ હું થકી-
-અપાઈ ના શકાયું કૈં, હું શો ભિખારી મૂળથી ! ૧૧

પ્રભુ વર્ષ્યાં કરે કેવો ! પ્રત્યક્ષ તે અનુભવ,
છતાં ના કોઈ જાણે છે, કેવું આશ્ચર્ય ગુપ્ત જ ! ૧૨

હાથ લાડકવાયા છો આપ તો પ્રભુના મને,
સ્તવી સ્તવી લળી ભાવે નમસ્કારો કરું પદે. ૧૩

આપને આપી આપી શું શકું હું પાસ ના કશું,
સમર્પણાંજલિ ભાવે આ જીવન પગલે ધરું. ૧૪

હરિઃૐ આશ્રમ, નડિયાદ —મોટા
તા. ૧૭-૧૧-૧૯૭૧
'જીવનપગલે', પ્ર.આ.

---

(૯) ॥ હરિઃૐ ॥

**પ્રિય ભાઈ શશિકાંતભાઈ રાવજીભાઈ પટેલને**

**સપ્રેમ સમર્પણાંજલિ**

તમે કેટલું ને કેવું, કર્યું 'મોટા'નું કર્મ તે,
કશો હું બદલો તેનો આપી ના શકું કો રીતે. ॥
આણી ઉમળકો હૈયે - પોતાનાં કર્મને જતું-
-કરી તમે બધી રીતે - કેવું કર્મ કર્યાં કર્યું ! ॥
ચીવટ, કાળજી યોગ્ય, કર્મે કૌશલ્ય દાખવી,
વ્યવસ્થાપૂર્ણ સૌ કર્મ ચહો ઉતારવા વળી. ॥
ખંત, ઉદ્યમ, ઉદ્યોગ, દિલ ઉત્સુકતા નરી-
દાખવતા રહી કેવી ઉજમાળા થયા વળી. ॥
મારું જે તે કર્યાં કીધું, કંટાળ્યા છો નથી જરા,
એને આપી શું આપી હું શકું, કૈં યોગ્ય જે ભલા ! ॥
'ભાવ'ની અંજલિ સાથે ભાવની પુસ્તિકા રૂડી,
હૈયાઉમળકે અર્પું હું આ સમર્પણાંજલિ ! ॥

સુરત તા. ૩-૧૨-૧૯૭૧ -મોટા
'ભાવ', પ્ર.આ.

(૧૦)

॥ હરિઃૐ ॥

## શ્રી ચૂનીભાઈ ફુલાભાઈ પટેલ (ભાદરણ) તથા શ્રી મણિભાઈ ફુલાભાઈ પટેલને

## સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

સત્કર્મે સહાય આપીને સાથ કેવો દીધો મને !
ટેકો દિલથી આપ્યો છે મારા જેવા ભિખારીને. ૧

પ્રત્યેક વર્ષ તેડીને નવાજ્યો છે તમે મને,
આહુતિ આપી આપી શો પ્રેર્યો સત્કર્મ યજ્ઞને. ૨

કામ મોટાં લીધાં આપ જેવાની ઓથથી,
પાર ઉતારવા બાકી ગજું મારું કશું નથી. ૩

ઉદાર ભાવનો કેવો શો અનુભવ તો મળ્યો !
તમે જે ભાવ રાખીને કર્મ સત્કારીને જીવો. ૪

કેવી જમાડવામાં તો પ્રસન્નતા તમારી છે,
વાપરી, ખર્ચી જાણ્યું છે, દેતાં દેતાં ન થાક છે. ૫

ઉચ્ચ કેળવણીમાંયે ઉદાત્ત સહાય અર્પી છે,
લાવવા ગામને ઊંચે આદર્યા યત્ન છે તમે. ૬

ઉદ્યોગશીલ તે પાછા પરિશ્રમી જ ઉદ્યમી,
ખંતીલા, નિશ્ચયી પાકા, મક્કમતાભર્યાં વળી. ૭

પાછા હઠ્યા કદી ના છો, હાર્યા હિંમત ના કદી,
વિઘ્ન , મુશ્કેલીમાં કેવા ટક્યા છો દક્ષતા ધરી ! ૮

લીધેલું મૂકી ના દો છો, એને પાર ઉતારવા
-કેવું કેવું મથી ભારે ફતેહ મેળવો સદા ! ૯

ઉત્સાહી પુરુષાર્થી ને સૂઝ ઊંડી શી કર્મની !
વળી શા ઉપયોગી છો, જેને તેને શું કર્મથી ! ૧૦

આપે જે મુજને બક્ષ્યું, તેનો તો બદલો કશો
-શકું ના વાળી કો રીતે, સાવ લાચાર હું ખરો. ૧૧

સમર્પણાંજલિ ભાવે આ 'જીવનરસાયણ'
-અર્પીને ભાવથી કેવો સંતોષ પામું હું દિલ ! ૧૨

હરિઃૐ આશ્રમ, નડિયાદ -મોટા
તા. ૨૩-૨-૧૯૭૨
'જીવનરસાયણ', પ્ર.આ.

---

**(૧૧)**

॥ હરિઃૐ ॥

## શ્રીમતી પુષ્પાબહેન તથા
## પ્રિય ભાઈ જયરામભાઈ દેસાઈને
## સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

તમે બે પતિ-પત્નીએ કૈં બિરદવતાં મને,
જીવને ઉચ્ચ આવો તે એવો શો મુજ હેતુ છે ! ॥ ૧
પરમાર્થતણા જે જે થયા સંકલ્પ જીવને,
મને સ્હાય થવા કેવી ઓથ આપ્યા કરી તમે. ॥ ૨
ડાંગનાં જંગલો વિશે શી અડચણ ભોગવી !
મને સરળતા દેવા આપ્યો શો ભોગ દિલથી. ॥ ૩
કેવાં ટેવાયેલાં બેઉ સુખ, સગવડો વિશે !
કિંતુ સગવડો જ્યાં ના રહ્યાં શાંતિથી ઉભયે. ॥ ૪
લખી 'જીવનગીતા' જે જેમના સહકારથી,
અપાર શાંતિ બક્ષીને પ્રેર્યો શો લખવા સહી. ॥ ૫
નિરાંત સર્વ રીતિથી મને શી અર્પી અર્પીને,
પૂર્ણ આરામ દેવાને દાખવ્યો છે ઉમંગ તે ! ॥ ૬
સ્હાય અનેક વેળાએ આપ્યા કરી જ ભાવથી,
ને પરમાર્થના કર્મે પ્રેર્યો ઉત્સાહ દિલથી. ॥ ૭
રાખવાને ટકાવી તે હૈયાનો ભાવ જીવને,
સમર્પણાંજલિ પ્રેમે પામું સંતોષ અર્પીને. ॥ ૮

હરિઃૐ આશ્રમ, સુરત -મોટા
તા. ૩-૫-૧૯૭૨
'જીવનતપ', પ્ર.આ.

(૧૨)

॥ હરિઃૐ ॥

## પ્રિય ભાઈશ્રી રાવજીભાઈ આશાભાઈ પટેલ (ડભાણ)ને સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

સથવારો મને આપી સહકાર દીધો તમે,
પરમાર્થે કરી સ્હાય, ઓથ આપ્યા કરી મને. ૧

ઉદાર આપવા વિશે, તેવા લેવા વિશે ખરા,
આતિથ્યે શા મહાશૂરા ! જેથી પામ્યા શી નામના. ૨

કેવા ચકોર સંસારે વ્યવહારે શી દક્ષતા !
બોલવા બેસતા ત્યારે આડો આંક ન રાખતા. ૩

સ્તુતિ-વખાણથી થોડા ભોળવાઈ કદી જતા,
વખાણીને વખાણીને કરાવી કોક લે ખરા. ૪

ભલા ભોળા જ લાગો છો, છતાં અંતર ગૂઢતા,
પાણી પારખવા ના દો છતાં કેવા ભલા ભલા ! ૫

ભલું તે કરવા સારુ, બીજાનું જીવને તમે,
કેટલાને દીધા પૈસા ખોવા વારો મળ્યો ખરે ! ૬

લક્ષ્મીની સ્હાય શી ખૂબ ધરાઈને દીધી મને-
અશક્ત તનની સેવા કાજે બહેન શી બક્ષી છે ! ૭

શા ઉપયોગમાં આવ્યા જીવને મુજને તમે !
એનો શો બદલો આપું ? સાવ ભિખારી રાંક જે. ૮

પરંતુ નાની પુસ્તિકા ભાવે મેં જે લખેલ છે,
સમર્પણાંજલિ ભાવે ધરું તે લળી હું પદે. ૯

સુરત, તા. ૭-૧૨-૧૯૭૧ **-મોટા**

'નર્મદાપદે', પ્ર.આ.

(૧૩)

॥ હરિઃૐ ॥

## શ્રી ધનસુખભાઈ ઘડિયાળી તથા શ્રી પુષ્પાબહેનને સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

ધનસુખ અને પુષ્પા કેવાં જીવનમાં મળ્યાં !
પરિચય કશો નહોતો થયો સંબંધ તે છતાં. ૧

પોતાનો ભોગ ને ત્યાગ આપી આપી જ હર્ષથી,
કેટલુંય જતું જે તે કરી સંસારનું વળી,
મારા શરીરની સેવા ઉમળકાથી અર્પવા,
કેવી તત્પરતા યોગ્ય દાખવી છે ઉમંગથી ! ૨-૩

બીજી રીતેય બન્નેયે આવે શાં ઉપયોગમાં !
મને રાહત દેવાને કેવી તત્પરતા સદા ! ૪

દાખવી દિલ ઉત્સાહ રાત્રિએ નિત્ય જાગીને
-બહુ વેળા છતાં તેમાં ઉમંગ દાખવેલ છે. ૫

મળેલાં જો કૃપાએ છો, 'હરિની અભિમુખતા
-બંનેના અંતરે જાગો' એવી છે મુજ પ્રાર્થના. ૬

તમોને અર્પવા કાજે દિલ વિના ન છે કશું,
હૈયા-ભાવે હું તેથી આ સમર્પણાંજલિ ધરું. ૭

હરિઃૐ આશ્રમ, નડિયાદ, તા. ૨-૯-૧૯૭૨ - **મોટા**

'જીવનચણતર', પ્ર.આ.

**પૂજ્ય શ્રીમોટાની એક ટેપવાણીનો સંકલિત અંશ**

'એમના છોકરાની વહુ મેનેન્જાઈટીસમાં બિલકુલ આંધળી થઈ ગયેલી. તે દેખતી બની છે...રમણ તમાકુવાળો ! ક્લૉરોફોર્મ આપેલું ત્યારે પણ ભગવાનનું નામ લેતો'તો. સતત બોલતો હતો. તે કંઈ એ બોલતો'તો ? જોઈએ તેટલા દાખલા છે. **ભઈ, ધનસુખ,** તારે જરા-મેળવવા - એકઠા કર — યાર તું ! કોઈક એવાયે નીકળવું જોઈએ. બાયોગ્રાફી ભવિષ્યમાં થાય ! આપણામાં કોઈ એવો છે નહિ, તે આવા બધા દાખલા એકઠા તો કરી રાખે.'

'ન ઓળખ્યા ભગવંતને', પ્ર.આ. પૃ. ૫૬ - સંપાદક

(૧૪)

॥ હરિઃૐ ॥

## શ્રી કાંતિલાલ જગજીવનદાસ પટેલ (બાવળા)ને
## તથા
## શ્રીમતી સવિતાબહેનને
## સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

કાન્તિ જીવનની પૂર્ણ, ક્રાંતિ સંપૂર્ણ જીવને
-થયા વિના, કદી ખાલી ખીલી કદી ન તે ઊઠે. ૧
ઘણા વેપારી તો જોયા, તેમાં શા અપવાદ છો !
ઉચ્ચ પ્રકારના કેવા જીવને રસ, શોખ સૌ ! ૨
કેળવ્યાં જ કરેલી છે, કળા શી કેટકેટલી !
ઉચ્ચ તે અભિલાષામાં રાચતા, ઑર ભાવથી. ૩
કેવી તે જાતના શોખ-રસ જીવન હોય છે !
તેમ જીવન તેવાનું મેળે શું પરખાય છે ! ૪
હળીમળી જતા કેવા ! યોગ્ય મિલનસાર છો,
ગુલાબી છો સ્વભાવે શા ! વ્યવહારેય દક્ષ છો. ૫
આધિભૌતિક ને દૈવી ને આધ્યાત્મિક જીવને
-મહત્ત્વાકાંક્ષી કેવા છો ! પરખાયે પરિચયે. ૬
અનોખી છાપ સંસારે, તમારી મસ્ત ઑર છે,
નોખા શા તરી આવો છો ! સંસારી માનવીથી તે. ૭
જીવને ભાવના ઉચ્ચ શી તરવરતી હોય છે !
છતાં એને ન કોઈએ પરખી શકતા જ છે. ૮
છુપાયેલું શું સંસારે શા અણમોલ રત્ન છો !
પરખાવા ન તેવું તે દીધું છે કોઈને જ તો. ૯
મારા ગરીબ જેવાને પ્રોત્સાહન દઈ તમે,
ઊભો રાખ્યો ટટારીથી શી તમ દેણગી જ તે ! ૧૦
ભાવ, ઉમળકો હૈયે તમારા પર ઊછળી
-વહેવા દિલ માંડ્યાથી લખાયું આ શું દિલથી ! ૧૧

કેટકેટલું આપ્યું છે, દિલ, મનથી, લક્ષ્મીથી,
નવાજ્યા જે રીતે ભાવે, તેને શું અર્પું દિલથી ! ૧૨
મારી પાસે કશું ના છે, કિંતુ દઉં હું ભાવથી,
અર્પું તે પ્રેમના ભાવે સૌરભ આ ‘પરાગ’ની. ૧૩

હરિઃૐ આશ્રમ, નડિયાદ -મોટા
તા. ૧૧-૧૧-૧૯૭૨
‘જીવનપરાગ’, પ્ર.આ.

---

(૧૫)

॥ હરિઃૐ ॥

## ડૉ. રાવજીભાઈ છોટાભાઈ પટેલ (ખેતીવાડી, ડભાણ)ને ચરણકમળે સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

બહુ ભણેલું જે ગામે નહોતું એકેય જહાં,
ત્યાં કેવા ઝળકી આવ્યા ઉપર, તળિયેથી શા ! ૧
પુરુષાર્થ કરી ભારે ખંત, ઉત્સાહ, હિંમતે
-ને ઉદ્યમે કરી વિદ્યા ઉચ્ચ શી મેળવેલ છે ! ૨
કર્મઉપાસના એકધારી ભાવે કરેલ છે,
જે લીધું હાથમાં તેને ઉતાર્યું પાર છે તમે. ૩
જીવને વળગેલા છો શા કૌટુંબિક ભાવને !
ઐક્ય જાળવવાને તે કેવો ભાવ ધરેલ છે ! ૪
ત્યાગ, ઉદારતા, ભાવ ને પરિશ્રમ યોગ્ય જે,
પોતાનાં ને બધાં માટે ધારેલાં છે ચહી હૃદે. ૫
ભારે ઘણું ભણેલા છો છતાં કૈં અભિમાન તો
-તે પરત્વેનું સ્હેજેયે ધારેલું નથી અંતરે. ૬
તેજ થોડા સ્વભાવે શા ! છતાં શા મળતાવડા !
ગામડાના બધા લોક સાથે કેવા ભળી જતા ! ૭
શી ધરપતવાળો તો ભાયડો તે ખરેખરો !
સામે આવેલ કર્મોને ઉવેખે છે કદી ન તે. ૮
કેટલું વ્હાલ છૂટે છે અંતરમાંથી અંતરે,
ગાળો શી ભાંડી લેવાનું કદીક દિલ થાય છે ! ૯
ગાળો તો લખતાં કેવો અસભ્ય લાગી હું જઉં !
તેથી મૂંગો, મૂંગો, છાનો રહી, ભાંડી હું ગાળો લૌં. ૧૦

મારા જેવા પરે ભાવ ઉમળકાથી ધારીને,
સહકાર નવાજીને કેવો આપ્યા કરેલ છે ! ૧૧
બદલો વાળવા યોગ્ય મારી કને કશું ન છે,
જેવી તેવી ધરું છું આ સમર્પણાંજલિ પદે. ૧૨

હરિઃૐ આશ્રમ, સુરત **- મોટા**

તા. ૧૭-૨-૧૯૭૩

'કર્મઉપાસના', પ્ર.આ.

---

(૧૬)

॥ હરિઃૐ ॥

**શ્રી નાગજીભાઈ રામદાસ પટેલ (વડોદરા)ને સપ્રેમ સમર્પણાંજલિ**

(અનુષ્ટુપ)

તેડાવ્યા વિણ આવ્યા છો આશ્રમે ભાવ ધારીને,
ને એમ આવતાં કેવી જામી છે ભાવના હૃદે ! ૧
પરસ્પરે હૃદે કેવો સંબંધ જીવતો થયો !
જન્મોજન્મતણો જાણે સંબંધ ફરીથી મળ્યો. ૨
ભાવના દિલની જોઈ, રાજીપો મનમાં થયો,
કેવી ભેટ દીધેલી છે મને તમારી દિલ તો ! ૩
શાં કેટકેટલાં કર્મે ખપ લાગ્યા કર્યા મને !
માનવો પા'ડ શી રીતે, નિજના જ્યાં થયેલ જે ! ૪
ઉત્કટ વેદના વિશે ઊંહકારોય એકયે
-ઉચ્ચાર્યો ના ભૂલેચૂકે, જોયેલું તે હકીકતે. ૫
સંપૂર્ણ શાંતિથી કેવી વેદનાને સહેલ છે !
અકળાયા છતાં ના કૈં, કેવા સ્વસ્થ તે સમે ! ૬
ખમીર દિલનું કેવું કૃપાથી તે જણાયું છે !
ખુમારી નમ્રતા સાથે કેવી તે પરખાઈ છે ! ૭
એવા તે સ્નેહીને સાવ ભિખારી અર્પી શું શકું ?
જેવી તેવી છતાં હું આ સમર્પણાંજલિ ધરું. ૮

હરિઃૐ આશ્રમ, સુરત -મોટા

તા. ૧૫-૮-૧૯૭૪

'ભાવકણિકા', પ્ર.આ.

(૧૭)

॥ હરિઃૐ ॥

## શ્રી જે. પી. શાહને ચરણકમળે

## સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

અકસ્માત થયો ભેટો ચમત્કાર ખરેખરો
-કૃપાનો કેટલો મોટો ! જાય તે કૈં ન વર્ણવ્યો. ૧

મહાત્મા, સંતની પ્રત્યે સદ્‌ભાવ દિલનો રૂડો,
કેવો કેવો હૃદે છે તે ભાગ્યે જાણે જ કોઈ તો ! ૨

બિંદુમાંથી જ સિંધુની પરત્વે દોડતા થયા,
છેક નાનેથી શા મોટા તેમ પોતે થતા ગયા ! ૩

મુશ્કેલી વિઘ્ન આવ્યાં છે ગણકાર્યાં છતાં ન તે,
દાખવી, દાખવી, ઉગ્ર પુરુષાર્થ, ચઢ્યા તમે. ૪

સ્વાર્થનું બાવડું ઝાલી એને વળગી શા રહી !
ઉત્સાહે ઉદ્યમે કેવા ઝઝૂમ્યા છો તમે સહી ! ૫

પરિણામ રૂડાં તેનાં જીવને આજ ભોગવો
કેટલું કેટલું ભારે મથ્યા ત્યારે જ સુખ સૌ. ૬

બલિહારી બધી એ તો સ્વાર્થના પુરુષાર્થની,
મથ્યા વિના ન આરો છે જેને મેળવવું જ છે. ૭

મથે તે માત્ર પામે છે, **आज** કે **काल** નિશ્ચયે,
મથી મથી ઘણું શોધે તેવાને તે મળે ખરે. ૮

મથે તે એકલા માત્ર અંતરે મેળવે ખરું,
કેવું તે સત્ય હૈયામાં ઊતરેલ ખરેખરું. ૯

તમે જે ખપ લાગ્યા છો શા પરમાર્થ કર્મમાં !
ઉત્સાહ પ્રેરણા પાયાં તમે કેવાં હૃદે રૂડાં ! ૧૦

બદલો વાળવા તેનો મારી કને કશું ન છે,
ઊંડા ભાવે ધરું છું **આ** સમર્પણાંજલિ પદે. ૧૧

'સ્વાર્થ', પ્ર.આ. - **મોટા**

## (૧૮) શ્રી નટવરલાલ માણેકલાલ ચિનાઈને સપ્રેમ ભાવાંજલિ

(અનુષ્ટુપ)

શ્રીરામકૃષ્ણના ભાવે, પ્રેરાઈ પરમાર્થના !
સેવાયજ્ઞ ચલાવ્યો છે, કૃતનિશ્ચયી શા ખરા ! ૧

આપવામાં ઘણો જેનો, કેવો હાથ ઉદાર છે !
તીર્થાટન વિશે શ્રદ્ધા, જેની કેવી અપાર છે ! ૨

શાંતિ પ્રસન્નતાપૂર્ણ સ્વચ્છતા જીવને ગમે,
શું બંધારણ એવું છે, જેનું જીવનમાં ખરે ! ૩

ચારેબાજુની સંપૂર્ણ સ્વચ્છતા આરસી સમી,
જેને ગમતી હૈયામાં, એવા શોખીન જીવ તે. ૪

કદીક સાવ ગંભીર, મુક્ત હાસ્ય કદીક છે,
છતાં શા ભજનાનંદી, કેવા છે મસ્તરામ તે ! ૫

સદ્‌ગુણો દુર્ગુણો બન્ને માનવીમાં વસે ખરે,
જોવું દુર્ગુણ ટાળ્યું છે, જોવું સદ્‌ગુણ રાખ્યું છે. ૬

શ્રીમંતાઈ મળી જન્મે, છતાં શી નમ્રતા હૃદે,
છતાં નફકરા પૂર્ણ, એવા પણ નથી તમે. ૮

તમે શા જીવના દોલા ! વિવેકી વ્યવહારુ છો,
વારી જાઓ બધું તેને, આપી દેતાં ન વાર છે. ૯

પોતાનો મુજને જાણી, વ્હાલ કેવું કર્યું મને,
નવાજીને મને પ્રેમે, ઉદાર સહાય અર્પી છે. ૧૦

બદલો શકું ન હું વાળી, આ નાનકડું પુસ્તક
-સમર્પી તમને ભાવે, કૃતાર્થ થાઉં હું દિલ. ૧૧

'જીવનસોપાન', પ્ર.આ. -મોટા

(૧૯) ॥ હરિ:ૐ ॥

## શ્રી પી. ટી. પટેલ (કુંજરાવ)ને
## સપ્રેમ સમર્પણાંજલિ

(અનુષ્ટુપ)

ગયેલા સાવ ઘેરાઈ પૂરની તે મુસીબતે,
ત્યારે કેવા તમે ધાયા ! શેં ભુલાઈ શકાય તે ? ૧

સાહસ, જોખમો ખેડી દોડતાં દોડતાં તમે,
સામગ્રી-સાધનો સાથે વ્હારે ધાયેલ છો ખરે. ૨

સ્હાય, હૂંફ અને ઓથ, સહાનુભૂતિ દિલની
-પ્રેરી, પ્રેરાવી પ્રત્યક્ષ, કામે આવ્યા શી સૂઝથી ! ૩

વિનોદની કળા કેવી તમોમાં આગવી ઊંડી !
પ્રસંગની પ્રમાણે શી કરવા તજ્જ્ઞ ગોઠડી ! ૪

શૂન્યમાંથી થયા કેવા આપમેળે ખરેખરા !
આંખો મીંચી તમે ભારે સાહસ ખેડનાર શા ! ૫

ગાંજ્યા ના કોઈથી જાઓ, અહંપ્રેરિત શા કદી !
ક્યાંયના ક્યાંય શા ઊડો ! ભાંગો શા હાડકાં વળી ! ૬

કેવાં કુનેહ, કૌશલ્ય, વાણીચાતુર્ય ઑર શાં !
ફેરફૂદડી શી તોયે ફરેલા છો કદીક શા ! ૭

મદદ કેટલી વાર પ્રેરી છે પરમાર્થમાં,
આભારે દિલ પ્રેરાઈ સંધાઈ રહ્યું દિલમાં. ૮

આપવા જેવું તો મારી પાસે એવું કશું ન છે,
માત્ર આ ભાવથી અર્પું સમર્પણાંજલિ પદે. ૯

હરિ:ૐ આશ્રમ, સુરત **- મોટા**
તા. ૨૭-૧૧-૧૯૭૩
'આર્તપોકાર', પ્ર.આ.

---

**નોંધ :** પૂજ્ય શ્રીમોટા દ્વારા અપાયેલ સમર્પણાંજલિઓ પૈકી કેટલીક ઑક્ટોબર, ૨૦૨૦ના 'હરિભાવ'માં પ્રકાશિત કરાશે. **-સંપાદક**

## (૨૦) ગયેલા આત્માને : શ્રી બાબુ સરકાર

સંપાદક

પૂજ્ય શ્રીમોટાના સ્વજન શ્રી બાબુલાલ છગનભાઈ બારાઈનો ચેન્નાઈ મુકામે ૮૮ વર્ષની વયે તા. ૬-૮-૨૦૨૦ના રોજ કોઈ લાંબી પૂર્વ બીમારી વિના દેહાંત થયો છે. પૂર્વજન્મના પુણ્ય સંચયના પ્રતાપે તેઓશ્રી નવ-દસ વર્ષની કિશોર અવસ્થામાં પૂર્ણ પુરુષ પૂજ્ય શ્રીમોટાનો પ્રેમસ્પર્શ પામી શક્યા હતા. પૂજ્ય શ્રીમોટા તેઓશ્રીને 'બાબુ સરકાર'ના હુલામણા નામે સંબોધતા હતા. આ કારણે પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોમાં તેઓશ્રી **'બાબુ સરકાર'**ના નામે પરિચિત હતા.

પૂજ્ય શ્રીમોટા દર વર્ષે ગુરુપૂર્ણિમાએ તેમ જ અન્ય પ્રસંગોએ જ્યારે કુંભકોણમ્ જતા હતા ત્યારે ચેન્નાઈમાં શ્રી છગનભાઈ બારાઈને ત્યાં શ્રી નંદુભાઈ કે અન્ય સ્વજનો સાથે તેઓશ્રીનો મુકામ રહેતો હતો. જેનો લાભ બાબુ સરકારના બાળમાનસને મળતો હતો. યુવાનીકાળમાં જે સહજ ભયસ્થાનો હોય છે, તે બાબતમાં પૂજ્ય શ્રીમોટાએ બાબુ સરકારને એકાંતમાં ખાસ શિખામણ આપી હતી. વિશેષમાં પૂજ્ય શ્રીમોટાએ બાબુ સરકારને કહેલું કે ગુરુ-શિષ્યના સંબંધને બદલે મિત્રતાનો સંબધ રાખવો. તેના કારણે મિત્ર તરીકે વિશેષ નજીકપણું અનુભવાશે.

શ્રી છગનભાઈ બારાઈના નિવાસે પૂજ્ય શ્રીમોટા ઉપરાંત, અન્ય સાધુ સંતોની આવજાવ રહેતી હતી. ખાસ કરીને હિમાલયવાળા પૂજ્યશ્રીનારાયણસ્વામી વખતો વખત તેમને ત્યાં રોકાણ કરતા હતા. કેટલીક વખત એવું પણ બનતું કે પૂજ્ય શ્રીમોટા અને પૂજ્યશ્રીનારાયણસ્વામી એકસાથે ત્યાં હોય. આ ઉપરાંત, પૉંડિચેરીના શ્રીઅરવિંદ અને પૂજ્ય શ્રીમાતાજીના જીવન અને સાહિત્યના શ્રી બાબુ સરકાર અભ્યાસી હતા. પૂજ્ય શ્રીમોટાએ બાબુ સરકારને સૂચન કરેલું કે શ્રીઅરવિંદનું સાહિત્ય પહેલા વાંચી જવું જેથી 'મોટા'ના સાહિત્યનો ખ્યાલ આવી શકશે. શ્રી બાબુ સરકારનો અભ્યાસ ચેન્નાઈમાં અંગ્રેજી માધ્યમમાં થયેલો. જેથી પૂજ્ય શ્રીમોટા સાથે તેઓશ્રી અંગ્રેજી ભાષામાં પત્રવ્યવહાર કરતા હતા, પરંતુ પૂજ્ય શ્રીમોટા ગુજરાતી ભાષામાં જવાબ લખતા અને જોડણીકોશની મદદથી પત્રની વિગતો સમજી લેવા જણાવતા હતા. આ કારણે શ્રી બાબુ સરકારને ગુજરાતી ભાષાની જાણકારી થઈ હતી.

શ્રી છગનભાઈ બારાઈને વેપાર ધંધામાં આર્થિક નુકસાન વેઠવું પડેલું. આ સમયે પૂજ્ય શ્રીમોટાએ બાબુ સરકારને કહેલું કે જો હાલમાં બાબુ સરકાર ઈચ્છે તો પૂજ્ય શ્રીમોટા તેમની મુશ્કેલીઓ દૂર કરી શકે, પરંતુ જીવનની ઉત્તર અવસ્થામાં તે ભોગવવી તો પડશે. આથી, બાબુ સરકારે તે કાળમાં મુશ્કેલીઓનો સામનો કરવાનું પસંદ કરેલું. આર્થિક સ્થિતિને પહોંચી વળવા તેમનું રહેણાકનું મકાન કાઢી નાખવું પડ્યુ હતું. તે સમયે પણ પૂજ્ય શ્રીમોટાએ હૈયાધારણ આપી હતી કે ભવિષ્યમાં તેઓ બીજું મકાન બનાવશે અને સુખશાંતિમાં દિવસો પસાર થશે. પૂજ્ય શ્રીમોટાની આ વાત પણ ચરિતાર્થ થઈ હતી.

બાબુ સરકારનો સાહિત્ય તરફનો અભિગમ હતો. પૂજ્ય શ્રીમોટાએ એ બાબતમાં પણ પ્રોત્સાહન આપ્યું હતું. છપાવવાની ચિંતા કર્યા વિના લખતા રહેવું તેમ શ્રીમોટાએ કહેલું. શ્રીમોટા જ્યારે ચેન્નાઈ બાબુ સરકારના નિવાસે જાય ત્યારે જે તે લખાણ પૂરેપૂરું વાંચી જતા હતા. બાબુ સરકારે વિપુલ પ્રમાણમાં લેખનકાર્ય કર્યું હતું. આવાં લખાણની ડાયરીઓથી તેમના એક મિત્રના મકાનનો એક રૂમ લગભગ ભરાઈ ગયો છે તેમ બાબુ સરકારશ્રીએ કહેલું. પૂજ્ય શ્રીમોટાના કેટલાંક ગુજરાતી પુસ્તકોનું તેઓએ અંગ્રેજીમાં ભાષાંતર કરેલ છે. આ માટે હરિઃૐ આશ્રમ, સુરતનું ટ્રસ્ટીમંડળ નિમિત્ત બન્યું છે. પૂજ્ય શ્રીમોટાના જ શબ્દોમાં તૈયાર થયેલ લગભગ ૫૦૦થી વિશેષ પાનાંનું પુસ્તક **'ભગતમાં ભગવાન'**નું ભાષાંતર 'Human To Divine' ઉલ્લેખનીય છે. છેલ્લે અંતકાળે **'જીવનગીતા'**ના ભાષાંતરમાં તેઓશ્રી પ્રવૃત્ત હતા.

શ્રી બાબુ સરકાર જ્યોતિષ વિદ્યાના સારા જાણકાર હતા. કોઈપણ પ્રકારની ફી લીધા વિના કે કોઈપણ પ્રકારની અપેક્ષા રાખ્યા વિના અનેક વ્યક્તિઓની કુંડળીઓ જોઈ માર્ગદર્શન આપતા હતા. આ વિદ્યા તેમને કોઈ અન્ય સાધુપુરુષ તરફથી મળ્યાનું તેઓ જણાવતા હતા. તેમના આર્થિક પાસાની બાબતમાં પૂજ્ય શ્રીમોટાએ અભયવચન આપેલું કે જ્યારે પૈસાની જરૂર પડે ત્યારે મારી પાસેથી (મોટા પાસેથી) માગી લેવા. આમ, સરકારશ્રીનું સમગ્ર જીવન પૂજ્ય શ્રીમોટા સાથે અનેક પ્રકારે સંકળાયેલું રહેલું છે.

શ્રી બાબુ સરકારની યાદશક્તિનો ખાસ ઉલ્લેખ કરવો રહ્યો. ઐતિહાસિક તેમ જ આધ્યાત્મિક જગતની ઘટનાઓ અને પ્રસંગોનો ઉલ્લેખ ખૂબ ચોકસાઈથી તેઓશ્રી કરતા હતા. ઘટના ક્યારે બની તેની વિગતો તારીખ, મહિનો અને વર્ષ તેમની જીભના ટેરવા ઉપર હોવાનું અમે અનુભવ્યું છે.

શ્રી બાબુ સરકારનું લગ્ન મુંબઈની પ્રસિદ્ધ બુક સેલર્સ અને પ્રકાશકની પેઢી શ્રી એન. એમ. ઠક્કરના શ્રી નંદલાલની દીકરી ચારુલતા સાથે થયાં હતાં. મુંબઈમાં યોજાયેલ સત્કાર સમારંભ સમયે પૂજ્ય શ્રીમોટાએ ઉપસ્થિત રહીને સ્વરચિત મંગલાસ્ટકનું ગાન કર્યું હતું. તે સમયનો ફોટો 'હરિભાવ'ના ટાઇટલ ઉપર પ્રકાશિત થયો હતો. તેનું પુનઃ પ્રકાશન આ અંકના ટાઇટલ પેજ-૪ ઉપર કરાયું છે. તે ઉપરાંત શ્રીનારાયણ સ્વામી સાથે નૌકાવિહારની તસવીર પણ ટાઇટલ પેજ ૪ ઉપર પુનઃ પ્રકાશિત કરાઈ છે.

શ્રી બાબુ સરકારના કેટલાક લેખ 'હરિભાવ'માં પ્રકાશિત થયેલ છે. જેના કારણે 'હરિભાવ'નો વાચકવર્ગ શ્રી બાબુ સરકારની કલમથી વાકેફ છે. 'હરિભાવ'માં પ્રકાશિત કેટલાક લેખોની વિગત નીચે મુજબ છે.

૧. બીમારી - મારું અવલોકન, ૨. અગ્નિતત્ત્વ, ૩. સ્વામી રામદાસ(પપ્પા)ની મારી ત્રણ

સ્મૃતિ, ૪. લેખનકાર્ય માટે શ્રીમોટાનું પ્રોત્સાહન, ૫. પૂજ્ય શ્રીમોટાને કેમ વીસરાય ?, ૬. સંતો સાથેની સ્મૃતિઓ, ૭. શ્રી રમણગિરિ સાથેનાં મારાં સંભારણાં, ૮. શ્રી જે. કૃષ્ણમૂર્તિ અંગેની મારી જાણકારી, ૯. પૂજ્ય શ્રીમોટા સાથેનાં મારાં સંભારણાં, ૧૦. શ્રીમોટા : શ્રીઅરવિંદ : કેટલીક સામ્યતા

ઉપર જણાવેલ પ્રકાશિત લેખો ઉપરાંત, તેમના કેટલાક અપ્રકાશિત લેખો 'હરિભાવ' પાસે હોવાની શક્યતા છે. જે સંપાદિત કરીને પ્રકાશિત કરવાની ભાવના રહેશે. શ્રી બાબુ સરકાર અને 'હરિભાવ'ના સંપાદક શ્રી પ્રભુદાસ જાનીનો આપસમાં જે આત્મિય ઉષ્માભર્યો સંબંધ હતો તેને અત્રે વિસ્તારવાનું ટાળ્યું છે. પરસ્પરના ગૃહે રોકાણો દરમ્યાન વિવિધ સાધુ સંતોની વાતોનો જે સત્સંગ થતો તે અવર્ણનીય છતાં ચિરસ્મરણીય છે.

શ્રી બાબુ સરકાર ખાસ કરીને પૂજ્ય શ્રીમોટાનાં ગુજરાત નિવાસી કેટલાંક સ્વજનો સાથે ગાઢ રીતે સંપર્કમાં આવેલા. જેથી, આવા કોઈપણ સ્વજનને ગતાત્મા પ્રત્યે સમર્પણાંજલિ અર્પવી હોય તો તે 'હરિભાવ' માટે આવકાર્ય રહેશે. અંતમાં ગયેલા આત્માનાં ચરણે પ્રણમીને પ્રાર્થીએ છીએઃ-

॥ હરિઃૐ ॥

(શિખરિણી-મંદાક્રાંતા)

'ગયેલા આત્માને, મનહૃદયથી, આપજે શાંતિ પૂરી,
બધી રીતે એનું, પ્રભુ કરવજે, સર્વ કલ્યાણથી શ્રીજી,
બધા જીવો સાથે, ગત જીવનમાં, જે થયેલો સંબંધ,
કરાવી દ્યો એને, સહુ તરફથી, સાવ નિશ્ચિંત મુક્ત.'

**-શ્રીમોટા**

---

॥ હરિઃૐ ॥

## ટ્રસ્ટી / સંપાદકની નિયુક્તિની જાણકારી

'હરિવાણી ટ્રસ્ટ'ના ટ્રસ્ટી અને 'હરિભાવ'ના સંપાદક શ્રી પ્રભુદાસ જાની જઈફ વયના કારણે નિવૃત્ત થતા હોવાની જાણકારી ઑગસ્ટ, ૨૦૨૦ના 'હરિભાવ'માં આપવામાં આવી છે.

'હરિવાણી ટ્રસ્ટ'ની કામગીરી સાથે છેલ્લાં દસેક વર્ષથી સંકળાયેલ તેમ જ હિસાબનીશ તરીકે 'હરિવાણી ટ્રસ્ટ'માં સેવાઓ આપી રહેલ નરોડાના સ્વજન શ્રી સુરેશ વૉરા (સુરેશચંદ્ર મુગટલાલ વૉરા)ની નિમણૂક ટ્રસ્ટી તરીકે તેમ જ 'હરિભાવ'ના સંપાદક તરીકે પણ કરેલ છે. જે સર્વેને વિદિત થાય. તેમનો Mo./SMS/Whatsapp 94275 54391 છે.

**- ટ્રસ્ટીમંડળ,**
**હરિવાણી ટ્રસ્ટ**



(ગઝલ)

સ્મરણને કોઈક તો કેવો લવારો માત્ર માને છે !
સ્મરણ અજમાવી જોવાને નિમંત્રું હું પુકારીને.
સ્મરણને મેં પ્રયોગાત્મક અનુભવીને જીવનમાં તે
-રળાયું છે, સ્મરણથી તે હાવાં ચરણે મૂકી દઉં જે.

❖ ❖ ❖ ❖

સ્મરણમાં બાદબાકી કે ન ભાગાકાર પણ કંઈ છે,
સ્મરણમાં માત્ર સરવાળો, ગુણાકાર જ થતો રહે છે.

- શ્રીમોટા

*'જીવન સ્મરણ સાધના', પ્ર. આ., પૃ. ૨૪, ૯૦*

"RNI No. of RNP is 65683/96
Registered under Postal Registration No. GAMC/1208/2018-2020
Valid upto 31st December - 2020 issued by the SSPO's AHMEDABAD City Division,
Permitted to Post at Ahmedabad PSO on 10th of every month"
Licence to post without Perpayment of postage No. PMG/HQ/004/2018-2020
valid upto 31-12-2020



પંઢરપુરમાં ચંદ્રભાગા નદીમાં નૌકા વિહાર કરતા
પૂજ્ય શ્રીનારાયણ સ્વામી.
તેમની સાથે કિશોર વયના શ્રી બાબુ સરકાર



શ્રી બાબુલાલ સી. બારાઈ (બાબુ સરકાર) અને શ્રીમતી ચારુલતાબહેનનાં
તા. ૧૦-૫-૧૯૫૯ના રોજ મુંબઈમાં લગ્ન સમયે ઉપસ્થિત રહીને
પૂજ્ય શ્રીમોટા સ્વરચિત મંગલાષ્ટક દ્વારા આશીર્વાદ આપી રહ્યા છે.

Printed and Published by PRABHUDAS D. JANI on behalf of HARIWANI TRUST and
Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., 55/15, City Mill Compound, Kankaria Road,
Ahmedabad - 380 022 and published from Hariwani Trust,
B/5, Swastik Apartment, Narayannagar, Paldi, Ahmedabad - 380 007
Editor - PRABHUDAS D. JANI E-mail : hariwanitrust@gmail.com